પોલીસ બનાવના મૂળ સુધી પહોંચી | કોડીનારની સગીરા પર દુષ્કર્મ કેસમાં આંતરે દહાડે નવા-નવા ફણગા ફુટી રહ્યા છે

ધર્માંતરણ કેસ : ઉનાવાની દરગાહમાં શ્રદ્ધાળુના ચંપલ સાચવનારાઓએ પણ દુષ્કર્મ કર્યું'તુ, વધુ 3ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | કોડીનાર,ઉના

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં સગીરાના અપહરણ અને ધર્માંતરણ કરાવવાના ગંભીર કેસમાં પોલીસે કાર્યવાહી કરીને વધુ 3 આરોપીઓની ધરપકડ કરી છે.

ધરપકડ કરાયેલા 3 આરોપીઓ ઉનાવાના રહેવાસી છે. આમાંથી બે ઉનાવાની મીરા દાતાર દરગાહ પાછળ જ રહે છે અને આ બંને આરોપીઓએ બંને સગીરા પર દુષ્કર્મ આચર્યું છે.બંને સગીરાના મેડિકલ રિપોર્ટમાં પણ દુષ્કર્મ થયાની પુષ્ટિ થઈ છે. સગીરા પર દુષ્કર્મ આચરનાર બે અને છેડતી કરનાર ત્રીજા એમ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો ઉપરાંત પોકસો હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે.કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા SITની રચના કરવામાં આવી છે.કરી હતી.

માતાની હાજરીમાં પૂછપરછ કરતાં સમગ્ર ઘટનાની વિગતો સામે આવી હતી. હિંદુ ધર્મ છોડાવી ઈસ્લામ ધર્મ અપનાવવા દબાણ કર્યાનો આક્ષેપ કરાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, સાકીર ઉર્ફે બબલી અતાફભાઈ પઠાણે અબ્દુલ હમીદભાઈ સંધીના કહેવાથી બંને સગીરાઓને ઉનાવા બોલાવી હતી. ત્યાં દરગાહના આસીફ કવાલી ઉર્ફે મરાઠ સાથે તેમની ઓળખાણ કરાવવામાં આવી હતી.

આ દરમિયાન સગીરાઓને હિંદુ ધર્મનો ત્યાગ કરીને ઈસ્લામ ધર્મ અપનાવશે, મુસ્લિમ યુવક સાકીર ઉર્ફે બબલી સાથે લગ્ન કરશે અને અલ્લાહની ઈબાદત કરશે તો તેમનાં તમામ દુઃખ દૂર થશે તેમજ સારી સુવિધાઓ મળશે તેવી વાતો કરવામાં આવી હોવાનો આક્ષેપ છે.

ત્યારબાદ એક સગીરાનું નામ બદલીને 'રોશન તાબા' રાખવામાં આવ્યું હતું. તેને કાળો બુરખો પહેરાવી દરગાહમાં ઈસ્લામ ધર્મની વિધિ કરાવી, કલમા અને નમાજ પઢાવી ધર્માંતરણ કરાવાયું હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે. આરોપીઓએ સગીરાઓને પોલીસથી બચાવવા મોબાઇલના સિમકાર્ડ તોડી નાખવા પણ જણાવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

હાલમાં ઉના વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરીના ચાર્જ હેઠળ SIT દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા તમામ આરોપીઓની ભૂમિકા અને સમગ્ર ઘટનાના અન્ય પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

પ્રથમ તબક્કામાં ત્રણ આરોપીઓની ધરપકડ

આ કેસમાં કોડીનાર પોલીસે પ્રથમ તબક્કામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં કોડીનારના અબ્દુલભાઈ હાસમભાઈ જોખિયા,



ઉનાવાના મહમદ આશીફ અબ્દુલભાઈ અંસારીઅને સાકીર હુસેન ઉર્ફે બબલી અતાફભાઈ પઠાણનો સમાવેશ થાય છે. તપાસમાં વધુ ત્રણ આરોપીઓનાં નામ ખુલતા તાલિબ હુસેન મુસ્તાકભાઈ શેખઃ ઉનાવા દરગાહ પાછળ રહેતા આ આરોપીએ બંને ભોગ બનનાર સગીરાઓ સાથે જબરદસ્તી શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. તેમજ હુસેનભાઈ જમશેદભાઈ શેખઃ ઉનાવામાં બસ સ્ટેન્ડ પાસે રહેતા આ આરોપીએ અન્ય આરોપી સાથે મળીને બંને સગીરાઓ સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. અને નાઝીમઅલી સમીમિયા સૈયદઃ ઉનાવામાં અલીફા હોટલ પાછળ રહેતા આ આરોપીએ એક સગીરાને દરગાહમાં એકલી બોલાવી વારંવાર ફોન કરીને તેનો પીછો કર્યો હોવાનો આક્ષેપ છે જેથી વિવિધ કાયદાની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

જૂનાગઢથી 80 એક્સ્ટ્રા બસમાં 3,255 મુસાફરોએ એડવાન્સ બુકિંગ કરાવ્યું

એડવાન્સ બુકિંગથી એસ.ટી. નિગમને 13.88 લાખની આવક

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

જૂનાગઢ એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે આયોજન કરવામાં આવ્યું છે. તહેવાર નિમિત્તે વતન જતા લોકો માટે દાહોદથી સુરત તરફ દોડાવવામાં આવનારી 80 જેટલી બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. આ બસો ખાલી ન જાય અને પરત ફરતી વખતે પણ ઉપયોગમાં લેવાય તેવા આયોજનના ભાગરૂપ, જૂનાગઢથી સુરત મોકલવામાં આવતી બસોમાં મુસાફરો દ્વારા એડવાન્સ બુકિંગ કરાવી દેવામાં આવ્યું હતું.

વિભાગીય નિયામક વી.બી. ડાંગરે જણાવ્યું હતું કે, આ 80 બસોમાંથી મોટાભાગની ગાડીઓ પેક થઈ ચૂકી છે અને એડવાન્સ બુકિંગ દ્વારા એસ.ટી. વિભાગને અંદાજે રૂ. 13,88,899 ની આવક થઈ છે. જૂનાગઢ વિભાગના 9 જેટલા ડેપો દ્વારા આ બસનું સંકલન કરવામાં આવ્યું છે, જેનાથી વાહનો ખાલી મોકલવાને બદલે પૂરતી આવક મેળવી શકાય. આ સુવિધાનો કુલ 3,255 જેટલા મુસાફરોએ લાભ લીધો છે.

સામાન્ય રીતે તહેવારોમાં વતન જતા મુસાફરો માટે એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસો ફાળવવામાં આવતી હોય છે, પરંતુ આ વખતે દાહોદ રૂટ પર કરવામાં આવેલી આગોતરી વ્યવસ્થાના કારણે વિભાગ અને મુસાફરો બંનેને સરળતા રહી છે. હજુ પણ બુકિંગ ચાલુ હોવાથી આગામી સમયમાં આ આંકડામાં વધારો થવાની સંભાવના છે.

મિલકતના ભાગ મુદ્દે મકાનનું તાળું તોડી ઘરનો સામાન બહાર ફેંકી દીધો

ઓરમાન ભાઈ, તેની માતા સહિત 3 સામે ગુનો

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

શહેરમાં મિલકતના ભાગ મુદ્દે અને મકાન ખાલી કરાવવા બાબતે ઓરમાન ભાઈ અને તેની માતાએ આધેડના ઘરનું તાળું તોડી ઘરનો સામાન બહાર ફેંકી દઈ ધમકી આપી હતી.

શહેરમાં સીકંદરભાઈ હબીબભાઈ પડાયા ઉ.વ. 48 નાથીબુ મસ્જીદ પાછળ અમરદીપ એપાર્ટમેન્ટ પાસે પોતાના પરિવાર સાથે વડીલોપાર્જિત મકાનમાં રહે છે. મકાનના ભાગ બાબતે ઓરમાન ભાઈ સાહિલ હબીબભાઈ પડાયા, ઓરમાન માતા જીલુબેન અને એક અજાણ્યો શખ્સ જ્યારે પરિવાર ગોંડલ લગ્નમાં ગયો હતો ત્યારે તેમની ગેરહાજરીમાં મકાનનું તાળું તોડી અંદર ઘૂસ્યા હતા. શખ્સોએ ઘરમાં રહેલો તમામ સામાન બહાર ફેંકી દઈ નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે સીકંદરભાઈ અને તેમના પરિવારજનો પરત આવ્યા અને વિરોધ કર્યો, ત્યારે સાહિલે હાથમાં હથોડી રાખીને ગાળો કાઢી જો ફરીથી અહીં આવ્યા તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે બનાવ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જૂનાગઢમાં સ્ટેશન રોડ બની ગયો : કોર્પોરેશન મુહુર્તની રાહ જોતુ રહ્યું ને શહેરીજનોએ જાતે જ ઉદ્ઘાટન કરી નાખ્યું !



જૂનાગઢ ભાસ્કર | જૂનાગઢના મુખ્ય તમામ રોડ અત્યારે કોર્પોરેશન બનાવી રહી છે. જોકે મોટા ભાગના તૈયાર થઈ ગયા છે. પરંતુ ઉદ્ઘાટનના વાંકે કોર્પોરેશન આ રોડ ખોલતું ન હોવા થી લોકો જાતેજ આ રોડ નો ઉપયોગ શરૂ કરી દીધો છે. તસવીર : મેહુલ ચોટલીયા

શહેરના ઝાંઝરડામાં રેતીના 2 લાખના મુદ્દે મધુરમના યુવકની કાર પર સશસ્ત્ર હુમલો

સાતલપુરના 3 સહિત 5 શખ્સો સામે ગુનો, તોડફોડ, ધમકી

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

ઝાંઝરડા ગામ પાસે ખેતલાબાપા મંદિર નજીક રેતીના લીઝના રૂપિયા 2 લાખના મુદ્દે યુવકની કાર પર 5 શખ્સે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

શહેરમાં તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના મધુરમ બાયપાસ રોડ ખાનગી હોસ્પિટલની પાછળ રહેતા અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા 30 વર્ષીય પ્રફુલકુમાર રાજશીભાઈ ખોડભાયાની ફરિયાદ અનુસાર તેમની જીજે 05 બીયુ 5210 નંબરની ડમ્પર ટ્રક સાતલપુરના હમીર કરમટા દ્વારા લીઝમાંથી રેતી ભરવાના બાકી નીકળતા2 લાખ રૂપિયા બાબતે લઈ જવામાં આવી હતી.

આ અંગે અગાઉ યુવકે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી કરતાં સમાધાન થયું હતું અને ડમ્પર પરત આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સોમવારે મોડી રાત્રિના યુવાન તેના મિત્ર આયુષ આહીર તેમજ ભાગીદારો નાગરાજ મુંધવા તથા દેવાંગ ભટ્ટ સાથે ફોર વ્હીલ કારમાં બેસીને ઝાંઝરડા ગામ તરફ જઈ રહ્યા હતા, ત્યારે હમીર કરમટા, ગોવિંદ કરમટા, અજય હરણ તેમજ અન્ય બે અજાણ્યા ઈસમોએ કાર આડી નાખી પ્રફુલભાઈની ગાડી રોકી હતી. લોખંડના પાઈપ, લાકડીઓ અને કુહાડી જેવા ઘાતક હથિયારો સાથે આવેલા શખ્સોએ કારના દરવાજા ખોલવાનો પ્રયાસ કરી ગાળો આપી હતી અને ગાડીના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી મારામારી કરી હતી. પોલીસે આ બનાવ મામલે પ્રફુલ ખોડભાયાની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સાંતલપુર ધાર ગામે મહિલાના ઘરે રેઈડ, 18,300નો દારૂ, આથો જપ્ત

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરિમિયાન બાતમી મળી હતી કે વંથલીના સાંતલપુર ધાર ગામે પ્રાથમિક શાળાની પાછળ રહેતી ઝરીનાબેન ઓસ્માણભાઈ કાળુભાઈ લુણાઈ પોતાના મકાને આવેલા બાથરૂમમાં દેશી દારૂ બનાવવાનો આથો તથા દેશી પીવાનો દારૂ રાખી તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા મહિલા હાજર મળી ન હતી, પરંતુ મકાનની તલાશી લેતા 300 લીટર દેશી દારૂ બનાવવાનો આથો તેમજ 75 લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂપિયા 17,300નો પ્રોહીબિશન મુદ્દામાલ કબ્જે કરીબંથલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

અલગ અલગ નામ સરનામે જુદુ જુદુ નામ ધારણ કરી ફરાર હતો

અમદાવાદ જેલમાંથી 15 વર્ષથી પેરોલ જમ્પ આરોપી મુંડીયા રાવણીથી ઝબ્બે

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

વિસાવદર પોલીસ સ્ટેશનના વુમન પીઆઈ એચ. વી. પટેલના સ્ટાફે પેરોલ જમ્પ થયેલ નાસતા-ફરતા આરોપીઓને શોધવા અસરકારક કામગીરી હાથ ધરી હતી.

પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે, ધારી પોલીસ સ્ટેશનના ખૂનના ગુના કામે અમદાવાદ મધ્યસ્થ જેલમાંથી તા. 05-07-2011થી 30 દિવસની પેરોલ રજા પર છૂટીને પેરોલ જમ્પ કરનાર અને છેલ્લા 15 વર્ષથી અલગ-અલગ નામ તથા સરનામે નાસતો ફરતો આરોપી વિનોદ ઉર્ફે વિનુ પોપટભાઈ સાતલીયા (રહે. હાલ મુંડીયા રાવણી ગામ, તા. વિસાવદર, મૂળ ગામ ખીચા, તા. ધારી, જી. અમરેલી)ને ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રિઝન એક્ટની કલમ હેઠળ ગુનો પણ નોંધાયો હતો. પકડાયેલ શખ્સને આગળની કાર્યવાહી માટે ધારી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.



બીલખા રોડ પર બાઈકની ટક્કરે રસ્તો ઓળંગતા પાઠકનગરના વૃદ્ધાનું મોત

અજાણ્યા ચાલક સામે સી ડિવિઝનમાં ગુનો નોંધાયો

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

શહેરમાં બીલખા રોડ પર બાઈકની ટક્કરે રસ્તો ઓળંગતા પાઠકનગરના વૃદ્ધાનું મોત નિપજ્યું હતું. પાઠકનગરમાં રહેતા જાહીબેન મંગાભાઈ ડોડીયા ઉ. વ. 58 તા. 8 ઓક્ટોબરના રોજ રાત્રે 8:30 વાગ્યાના સુમારે પાઠક નગર બિલખા રોડ પર આવેલી દેવાંગી પાનવાળીની દુકાન સામેની સાઈડથી રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન ખડીયા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી જીજે 11 સીજે 8115 નંબરની બાઈકના ચાલકે વૃધ્ધાને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં જાહીબેનને હોઠ ઉપર, જમણા હાથની કોણીના ભાગે, ડાબા પગમાં ઘુંટણ નીચે તથા જમણા પગમાં થાપાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જી બાઈક ચાલક નાસી છૂટ્યો હતો. ઘટના બાદ ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા ઝાંઝરડા ચોકી સ્થિત ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જ્યાં 15 દિવસ સારવાર આપ્યા બાદ તેમને ઘરે લાવવામાં આવ્યા હતા. જો કે, 30 ઓક્ટોબરે અચાનક તબિયત વધુ બગડતા તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર મનસુખભાઈ ડોડીયાની ફરિયાદ આધારે સી ડિવિઝન પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

હત્યા કેસ, જાલીનોટ ગુનામાં સંડોવાયેલ શખ્સ હથિયાર સાથે એક શખ્સ ઝડપાયો

શહેરનાં ગાંધી ચોક પાસેથી છરી, બાઇક સાથે દબોચ્યો

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

હત્યા કેસ, જાલીનોટ ગુનામાં સંડોવાયેલ શખ્સને પોલીસે ગાંધી ચોક પાસેથી હથિયાર સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પેરોલ ફર્લો સ્કવોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, અગાઉ જામનગર જિલ્લાના કાલાવડ પોલીસ સ્ટેશનના ખૂન કેસમાં અને જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જાળી નોટ ગુનામાં સંડોવાયેલ સંજુ ઉર્ફે સોનુ શંકરસિંહ ઓમકારસિંહ ઠાકુર નામનો શખ્સ હથિયાર સાથે બાઈક ઉપર ગાંધી ચોક તરફ થી રેલવે સ્ટેશન તરફ આવે છે.

આ વાતની આધારે પોલીસે ક્રાઈમ બ્રાન્ચ ખાતે વોચ ગોઠવી ગાંધી ચોક તરફથી બાઈક પર આવતા મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ જોષીપરા, નંદનવન સોસાયટીમાં રહેતો અને કલર કામ કરતો 40 વર્ષીય સંજુ ઉર્ફે સોનુ શંકરસિંહ ઓમકારસિંહ ઠાકુરને ઝડપી લીધો હતો. પોલીસે શખ્સની અંગ ઝડતી કરતા નેફામાંથી છરી મળી આવી હતી.

પોલીસે છરી અને રૂપિયા 50,000ની કિંમતનું જીજે 05 ટીએક્સ 5085 નંબરની બાઈક કબજે લઈ હથિયાર બંધીના જાહેરનામાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વનકર્મીઓની માંગણીઓ સ્વીકારતા બીટગાર્ડ્સે આંદોલન પાછું ખેંચ્યું

જૂનાગઢમાં ગીર અને ગિરનાર અભયારણ્યમાં હવે વન કર્મીઓ ફરજ નિભાવશે

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

વનપાલ અને બીટગાર્ડ કર્મચારી મંડળ દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને ચાલતું આંદોલન મધ્યસ્થી બેઠક બાદ સત્તાવાર રીતે પૂરું થયું છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, કર્મચારીઓની મોટાભાગની માંગણીઓ પર સમજુતી સાધવામાં આવી છે. અમુક બાકી રહેતા પ્રશ્નો સામાન્ય વહીવટ વિભાગ અને નાણાં વિભાગની મંજૂરી સાપેક્ષ હોવાથી, નિયમાનુસાર જરૂરી પ્રક્રિયા હાથ ધરીને ટૂંક સમયમાં તેનો ઉકેલ લાવવામાં આવશે.

બેઠકમાં થયેલા નિર્ણય અને સરકારી આશ્વાસનને ધ્યાને રાખીને કર્મચારી મંડળે આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની સહમતિ આપી છે. હવે જૂનાગઢના જંગલોમાં ફરી વણ કર્મચારીઓ ફરજ નિભાવશે.

ખામધ્રોળ રોડ વિસ્તારમાં ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી, ઘર પર હુમલો કર્યો

2 શખ્સ સામે ગુનો, મહિલા અને તેની પુત્રવધૂ પર લાકડાના ધોકાથી હુમલો

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના ખામધ્રોળ રોડ પરના અનુરાધા પાર્ક વિસ્તારમાં ફટાકડા ફોડવા બાબતે થયેલી બોલાચાલી બાદ 2 શખ્સે ઘર પર હુમલો કરી તોડફોડ મચાવી હતી. ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતા જેબુનબેન હાસમભાઈ પડાયા (ઉ.વ. 65)ની ફરીયાદ મુજબ મંગળવારે રાત્રીના સુમારે આરોપીઓ રાજુ મકવાણા રબારી અને નીતાબેન પરમારે ફટાકડા ફોડવા અને કબૂતરને ચણ નાંખવાની અદાવતનું મનદુઃખ રાખી ઘરની દેલીમાં આવી ધમાલ મચાવી હતી.

શખ્સોએ ઓશરીમાં પડેલી ઘઉની કોઠી તથા તેના પર રહેલ કબૂતરની ચણની કોઠીમાં લાકડાના ધોકા મારી નુકસાન કર્યું હતું અને રસોડાની બારીનો કાચ તોડી નાખ્યો હતો. જ્યારે વૃધ્ધા અને તેની પુત્રવધૂ ઘરની બહાર આવ્યા, ત્યારે આરોપીએ ગાળો કાઢી કાઢી રાજુ મકવાણાએ પોતાના હાથમાં રહેલા લાકડાના ધોકાથી જેબુનબેનને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધાને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે બનાવ અંગે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માણાવદરના આધેડને ટ્રક સળગાવી દેવાની, જાનથી મારી નાખવાની ધમકી

જાહ્નવી પિટ્રોદા | જૂનાગઢ

માણાવદરમાં રહેતા એક આધેડ ગત તા. 26 ઓક્ટોબરના ભાયાવદર પાસેના ગામની સીમમાં ટ્રક ભરાવા ગયા હતા, ત્યારે સહેબાજ સલીમ રાઠોડ નામના શખ્સે ફોન કરીને ગાળો કાઢી હતી. શખ્સ આધેડની દીકરીને ભગાડી ગયો હતો, જેને પરિવારે સમજાવીને પરત પોતાના ઘરે લઈ આવ્યા હતા. જેનું મનદુઃખ રાખીને શખ્સે મોબાઈલ પર ફોન કરી ગાળો બોલી, તેમની આઈડીમાંથી દીકરી અને પત્નીના ફોટા વાયરલ કરવાની અને ગામ છોડીને જતા રહેવાની ધમકી આપી ટ્રક સળગાવી દેવાની પણ દમદાટી મારી હતી.

નામ બદલાવેલ છે.

મે મારૂ જુનું નામ દોરીયા દિપક મોહનભાઈ માંથી બદલીને મારૂ નવુ નામ દોરીયા દીપકભાઈ મોહનભાઈ રાખેલ છે. તેની નોંધ લેવા વિનંતી. સરનામું : મન મંદિર, ડાભોર રોડ, કરમચંદ ચોક, ગાર્ડન ની સામે, વેરાવળ - 362265, જી. ગીર સોમનાથ

નામ બદલાવેલ છે.

મે મારૂ જુનું નામ જાદવ અનિલ કરસન માંથી બદલીને મારૂ નવુ નામ જાદવ અનિલકુમાર કરસન રાખેલ છે. તેની નોંધ લેવા વિનંતી. સરનામું: વણકરવાસ, રામાપીર મંદિર પાસે, રામપરા - 362268, જી.ગીર સોમનાથ

નામ બદલાવેલ છે.

મે મારૂ જુનું નામ દોરીયા મોહનલાલ દેવજી માંથી બદલીને મારૂ નવુ નામ મોહનભાઈ દેવજીભાઈ દોરીયા રાખેલ છે. તેની નોંધ લેવા વિનંતી. સરનામું : મન મંદિર, ડાભોર રોડ, કરમચંદ ચોક, ગાર્ડન ની સામે, વેરાવળ - 362265, જી. ગીર સોમનાથ

SBI | ભારતીય સ્ટેટ બેંક

સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૨૪.૧૧.૨૦૨૬

સિકયોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિકયુરિટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત લેવા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૨૪.૧૧.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઇટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**રહેણાંક જમીન અને તેના ઉપરનું બાંધકામ :** જે પ્લોટ નં. ૩૬ થી ૩૯, કુલ ૪ પ્લોટસ, કુલ જમીનનો વિસ્તાર ૩૦૦-૦૦ સ્કે.મી., રે.સ. નં. ૩૨ અને ૩૬૨ ની બિનખેતી જમીન, ગામ ભાલપરા, તા. વેરાવળ, જી. ગીર સોમનાથ ખાતે સ્થિત છે. જે **મૃતક જીતીન જોસેફ એન્ટોની** ના નામની છે. (Property ID : SBIN2000683831212)	તા. ૦૩.૦૮.૨૦૧૮ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૯૨,૬૨,૮૦૩.૦૦ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. ત્યારબાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૭.૦૬.૨૦૧૯)	મૃતક જીતીન જોસેફ એન્ટોની	મૃતક જીતીન જોસેફ એન્ટોની	રૂા. ૬૦,૦૯,૦૦૦ ..... રૂા. ૬,૦૦,૯૦૦ ..... રૂા. ૧૦,૦૦૦	૧૩.૧૧.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૪.૧૧.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પુરુ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".

તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદ કુમાર ઓઝા : મોબાઈલ નંબર ૯૦૦૩ ૮૧૨૩૩

વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baankNet.com પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર M/s. PSB Alliance Pvt. Ltd. દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ https://baankNet.com પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડિટર વેબસાઈટ https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/sarfaesi-and-others માં આપેલી લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ ડાયરેકટરો/ જામીનદારો/ મોર્ગેજરો / કાયદાકીય વારસદારો ને ઉપરોકત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજ કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચૂકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચૂકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૦૪.૧૧.૨૦૨૬, સ્થળ : રાજકોટ (નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે) **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**